ભાંગરો વાટ્યો | પેટલાદ નગરપાલિકાના હોદ્દેદારોને આમંત્રણ પત્રિકામાં કાર્યરત બતાવતાં આશ્ચર્ય

# પેટલાદ શહેરની એનકે શાળાની પત્રિકામાં વહીવટદાર અને સીઓના નામની બાદબાકી

(પ્રતિનિધિ) પેટલાદ તા.29

પેટલાદ નગરપાલિકા સંચાલિત એનકે હાઈસ્કૂલમાં વિદાય સમારોહની આમંત્રણ પત્રિકા છપાઈ છે. કારણકે આ પત્રિકામાં પાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન વગેરેને હાલ પણ સત્તામાં કાર્યરત બતાવવામાં આવ્યા છે. ઉપરાંત આ પત્રિકામાંથી પાલિકાના વહીવટદાર અને ચીફ ઓફિસરના નામોની પણ બાદબાકી કરવામાં આવી છે.



પેટલાદની એનકે હાઈસ્કૂલનું સંચાલન નગરપાલિકા હસ્તક છે. આ શાળાનો સમગ્ર વહીવટ સ્વતંત્ર છે, પરંતુ નિર્ણયો પાલિકા દ્વારા જ લેવામાં આવતા હોય છે. આ શાળામાં ફરજ બજાવતાં ગોકુળભાઈ એસ. પટેલ અને દેવેન્દ્રભાઈ ડી. શાહ નિવૃત્ત થઈ રહ્યા હોવાથી તેમનો વિદાય સમારંભ બીજી એપ્રિલના રોજ યોજાશે. આ સમારંભની આમંત્રણ પત્રિકા ચર્ચાનો વિષય બની છે. આ પત્રિકામાં સમારંભના અધ્યક્ષ તરીકે પાલિકાના પૂર્વ પ્રમુખ જીજ્ઞેશ જોષી અને અતિથિ વિશેષ પદે પૂર્વ ઉપપ્રમુખ મનિષા ચૌહાણ તથા પૂર્વ કારોબારી ચેરમેન જય પટેલ ઉપસ્થિત રહેવાના છે. પરંતુ પાલિકાના આ ત્રણેય હોદ્દેદારો હાલ સત્તાસ્થાને હોય તેવો ઉલ્લેખ પત્રિકા દ્વારા કરવામાં આવતા વિવાદ છેડાયો છે. પેટલાદ પાલિકાના સત્તાધિશોની સમય મર્યાદા 15મી માર્ચના રોજ પૂર્ણ થતાં હાલ પાલિકામાં વહીવટદાર શાસન કાર્યરત છે.

આમ છતાં પાલિકા સંચાલિત આ શાળાની પત્રિકામાંથી વહીવટદાર તરીકે પ્રાંત અધિકારી હિરેન બારોટ અને ચીફ ઓફિસર કૃણાલ પટેલના નામોની બાદબાકી કરી ગંભીર છબરડો કરી દીધો છે. આટલું જાણે કે અપુરતું હોય તેમ આ આમંત્રણ પત્રિકાના નિમંત્રક તરીકે વહીવટદાર અને ચીફ ઓફિસરના બદલે શાળા સમિતીના ચેરપર્સન જલ્પા શાહનો ઉલ્લેખ કરતાં મામલો વધુ ચર્ચાસ્પદ બન્યો છે.

### પૂર્વ પ્રમુખના માર્ગદર્શન મુજબ પત્રિકા બનાવી

આ સમગ્ર મામલે શાળાના આચાર્ય વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે આ પત્રિકા પૂર્વ પ્રમુખ જીજ્ઞેશ જોષીનું માર્ગદર્શન મેળવીને તેઓના આદેશ મુજબ તૈયાર કરવામાં આવી છે. વધુમાં આચાર્યએ કહ્યું હતું કે પાલિકામાં સમય અવધિ પૂર્ણ થતાં વહીવટદાર શાસન આવે છે, પરંતુ શાળા કમિટી ચાલુ રહેતી હોવાનું પાલિકાના પૂર્વ પ્રમુખે જણાવ્યું હતું. બીજી તરફ આચાર્ય એવું કહે છે કે શાળાનું સંચાલન પાલિકા દ્વારા કરવામાં આવતું હોવાથી અમારે તેઓના માર્ગદર્શન મુજબ જ કામ કરવાનું હોય છે.

# ખાડાના ફોટા પાડીને વાયરલ કરનારાને પ્રજા જવાબ આપશે

**નડિયાદ** ધારાસભ્ય પંકજ દેસાઈના વિપક્ષ પર આકરા પ્રહાર



(પ્રતિનિધિ) નડિયાદ તા.29

નડિયાદ મનપાની આગામી ચૂંટણી પૂર્વે શહેરમાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે. શહેરના માર્ગોના નવીનીકરણ માટે રૂ. 50 કરોડના વિકાસ કામોનું ખાતમુહૂર્ત ધારાસભ્ય પંકજ દેસાઈના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે પીજ રોડ પર રૂ. 6 કરોડના સીસી રોડ અને ટ્રાફિક સમસ્યાના ઉકેલ માટે નવા ફ્લાયઓવરની મહત્વની જાહેરાત કરી હતી.

આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્યએ વિરોધ પક્ષની કાર્યપદ્ધતિ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, વિપક્ષ માત્ર શહેરના ખાડા શોધી તેના ફોટા પાડી સોશિયલ મીડિયામાં વાયરલ કરવામાં જ વ્યસ્ત છે. તેમણે ઉમેર્યું કે, કોઈપણ નાની ખામી માટે સીધું નેતાઓનું નામ જોડવાની રાજનીતિ લાંબો સમય ચાલશે નહીં અને જનતા આવા તત્વોને યોગ્ય જવાબ આપશે. વહીવટી તંત્ર દ્વારા છેલ્લા 14 મહિનામાં રૂ. 400 કરોડના વિકાસ કામોને વેગ આપવામાં આવ્યો છે.

ગુજરાત પ્રદેશ મહામંત્રી અજય બ્રહ્મભટ્ટે ટેકનિકલ વિગતો આપતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ રાજ્યની 15 મહાનગરપાલિકાઓ માટે રૂ. 34,000 કરોડની માતબર રકમ ફાળવી છે. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે વિરોધ પક્ષ વિકાસના કામોમાં અવરોધ ઊભો કરવા ખોટી અરજીઓ કરી શકે છે, પરંતુ જનતા હવે આવા નકારરૂપ તત્વોને ઓળખી ગઈ છે.

### મેક દાદાએ માનવતા મહેકાવી, 11 વિદ્યાર્થીને 4 લાખની સહાય



બોરસદ તાલુકાના નિસરાયા મુકામે શિક્ષણ ક્ષેત્રે ચરોતરના ભામાશા ગણાતા મેકદાદાએ એક અદભૂત ઉદાહરણ પૂરું પાડ્યું છે. મેક દાદા દ્વારા ઉચ્ચ નિસરાયા ગામના વતની અભ્યાસ કરવા ઈચ્છતા ગરીબ અને મધ્યમ વર્ગના 11 જેટલા વિદ્યાર્થીઓને કુલ 4 લાખ રૂપિયા જેટલી ફી ના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગામના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં ગામના પૂર્વ સરપંચ વિજયસિંહ રાજના હસ્તે વિદ્યાર્થીઓને ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગામના અગ્રણીઓ દેવેન્દ્ર પટેલ, શંભુસિંહ રાજ, પૂર્વ તાલુકા પંચાયત સભ્ય સંજયસિંહ રાજ, દૂધ મંડળીના ચેરમેન અર્જુનસિંહ રાજ અને રાકેશભાઇ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહીને બાળકોને ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા હતા.

# યાત્રાધામ ડાકોરમાં સફાઈ કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતર્યા

**કર્મચારીઓનું 21** વર્ષથી શોષણ થતું હોવાના આક્ષેપ સાથે હલ્લાબોલ

(પ્રતિનિધિ) નડિયાદ તા.29

યાત્રાધામ ડાકોર પાલિકાના સફાઈ કર્મચારીઓએ વહીવટી તંત્રની અણઘડ નીતિઓ સામે આક્રોશ વ્યક્ત કરતા અચોક્કસ મુદતની હડતાલનું શસ્ત્ર ઉગામ્યું છે. છેલ્લા 21 વર્ષથી આર્થિક અને માનસિક શોષણ થતું હોવાના ગંભીર આક્ષેપો સાથે મોટી સંખ્યામાં સફાઈ સેવકો પાલિકા કચેરી ખાતે એકત્ર થયા હતા અને સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

ડાકોર પાલિકાના સફાઈ કર્મચારીઓએ પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા છઠ્ઠા અને સાતમા પગાર પંચના અમલ માટે ઓર્ડર કરવામાં આવ્યા હોવા છતાં પાલિકા તંત્ર આ બાબતે ઉદાસીનતા દાખવી રહ્યું છે. આ ઉપરાંત, કર્મચારીઓએ આક્ષેપ કર્યો છે કે હાલની કોન્ટ્રાક્ટ એજન્સી દ્વારા તેમને નિયત દર કરતા ઓછું વેતન ચૂકવવામાં આવે છે અને તેમની સર્વિસ બુક પણ ભરવામાં આવતી નથી. અગાઉની એજન્સીઓ સરકારી ધારાધોરણ મુજબ વેતન આપતી હતી, પરંતુ હવે શોષણ વધી રહ્યું હોવાનું કર્મચારીઓએ જણાવ્યું છે. આ હડતાલને પગલે ડાકોર શહેરમાં સફાઈ વ્યવસ્થા પર માઠી અસર પડવાની શક્યતા છે. પરિસ્થિતિને જોતા નગરપાલિકા તંત્ર દ્વારા શહેરમાં રિક્ષા ફેરવીને લોકોને કચરો બહાર ન નાખવા માટે ફરમાન કરવામાં આવ્યું છે. પાલિકાના પટાંગણમાં કર્મચારીઓએ 'હાયરે ભાજપ હાય'ના બેનરો સાથે વિરોધ કર્યો હતો, જેના કારણે હાલમાં વહીવટી તંત્ર અને કર્મચારીઓ સામસામે આવી જતાં તણાવભરી સ્થિતિ સર્જાઈ છે.

### પદાધિકારીઓએ હાથમાં સાવરણા પકડ્યા

ડાકોર નગરપાલિકાના સફાઈ કર્મચારીઓ હડતાલ પર ઉતરતા નગરમાં સફાઈ વ્યવસ્થા ખોરવાઈ છે. યાત્રાધામમાં ગંદકી ન ફેલાય અને ભક્તોમાં ખોટો સંદેશ ન જાય તે હેતુથી ભાજપ શાસિત પાલિકાના પ્રમુખ અને સભ્યોએ પોતે સફાઈની કમાન સંભાળી છે. કોઈપણ પ્રકારના ઘર્ષણ વગર સફાઈ કામગીરી પૂર્ણ થાય તે માટે પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે પદાધિકારીઓએ રણછોડરાય મંદિર પાસે સફાઈ શરૂ કરી છે. પ્રમુખ વિપુલ શાહે જણાવ્યું કે જ્યાં સુધી કર્મચારીઓ હડતાલ સમેટશે નહીં ત્યાં સુધી પદાધિકારીઓ નગર સાફ રાખશે.



# આણંદમાં ગુજકેટની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન

**ત્રણેય** સત્રમાં થઈને કુલ 191 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

(પ્રતિનિધિ) આણંદ તા.29

આણંદ જિલ્લામાં રવિવારે ગુજકેટ-2026ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અનુસાર, સવારથી સાંજ સુધીના વિવિધ ત્રણ સત્રોમાં લેવાયેલી આ પરીક્ષામાં હજારો વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જ્યારે ત્રણેય વિષયોમાં થઈને કુલ 191 વિદ્યાર્થીઓ ગેરહાજર જણાતા હતા.

આણંદ જિલ્લામાં રવિવારના રોજ લેવાયેલી ગુજકેટની પરીક્ષામાં સવારના સમયે ફિઝિક્સ-કેમેસ્ટ્રી, બપોરના સમયે બાયોલોજી અને ત્યારબાદ ત્રીજા સત્રમાં ગણિતનું પેપર લેવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં ફિઝિક્સ અને કેમેસ્ટ્રી સવારના પ્રથમ સત્રમાં પેપર હતું. આ વિષયો માટે કુલ 4,455 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી 4,362 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જ્યારે 93 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. બપોરના બીજા સત્રમાં યોજાયેલી બાયોલોજીની પરીક્ષામાં કુલ 2,655 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી 2,592 વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને 63 વિદ્યાર્થીઓ ગેરહાજર નોંધાયા હતા. જ્યારે ત્રીજા અને અંતિમ સત્રમાં ગણિત વિષયની પરીક્ષા યોજાઈ હતી. જેમાં નોંધાયેલા કુલ 1,812 વિદ્યાર્થીઓમાંથી 1,777 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જ્યારે 35 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હોવાનું જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીના કંટ્રોલ રૂમ દ્વારા જણાવવામાં આવ્યું છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વસોના પીજની પીએમશ્રી સ્કૂલના વિદ્યાર્થીઓ માટે સાયન્સ સિટીની શૈક્ષણિક મુલાકાત યોજાઈ

**વસો** | ભારત સરકારની પીએમ યોજના અંતર્ગત પીજ શાળાના વિદ્યાર્થીઓ માટે સાયન્સ સિટીની એક દિવસીય એક્સપોઝર વિઝિટનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ રોબોટિક ગેલેરી, એસ્ટ્રોનેટ સ્પેસ ગેલેરી અને એક્વેટિક ગેલેરીમાં નિષ્ણાતો પાસેથી વિજ્ઞાનનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું હતું. શાળા બહારના અનુભવો દ્વારા શિક્ષણને વધુ દ્રઢ બનાવવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સાંજે અદભુત ડ્રોન શોની મજા માણી હતી. શાળાના આચાર્ય સંદીપભાઈ અને એસએમસીએ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેની આ યોજના બદલ આભાર વ્યક્ત કર્યો હતો.




### મહિસાગરના દીવડા કોલોનીની શ્રેયસ વિદ્યાલયમાં વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી

**લુણાવાડા** | દીવડા કોલોની સ્થિત શ્રેયસ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના ઉમદા હેતુ સાથે વાર્ષિકોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ બેટી બચાવો, પર્યાવરણ જાળવણી અને દેશભક્તિ જેવા સામાજિક વિષયો પર હૃદયસ્પર્શી નાટકો અને નૃત્યો રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. શાળાના આચાર્યે માત્ર પુસ્તકિયા જ્ઞાનને બદલે સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા બાળકની કળા ખીલવવા પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમના અંતે તેજસ્વી વિદ્યાર્થીઓને ઇનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં મોટી સંખ્યામાં વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### જીટીયુ એનએસએસના સ્વયંસેવકો નોર્થ ઈસ્ટ યુથ ફેસ્ટિવલમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું



**આણંદ** | નાગાલેન્ડ સરકાર દ્વારા 9મા નોર્થ ઈસ્ટ યુથ ફેસ્ટિવલનુ આયોજન કરાયું હતું. આ પાંચ દિવસીય ઉત્સવમાં દેશભરના 20થી વધુ રાજ્યોના 200 સ્વયંસેવકો સાથે જીટીયુના 8 વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ડો. વિકાશ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ગયેલા આ વિદ્યાર્થીઓએ પરંપરાગત વેશભૂષામાં ગરબા રજૂ કરી 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને સાચા અર્થમાં સાર્થક કરી હતી. આ સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમ દ્વારા ગુજરાતના યુવાનોને ઉત્તર-પૂર્વના સાત રાજ્યોની સંસ્કૃતિ, પરંપરા અને જીવનશૈલીને નજીકથી સમજવાનો અમૂલ્ય અવસર મળ્યો હતો.

### આણંદ કૃષિ યુનિ.ના ખાંધા કેન્દ્ર દ્વારા ખેડૂતો માટે નવસારીનો પ્રેરણા પ્રવાસ યોજાયો

**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીના ખાંધા કેન્દ્ર દ્વારા સરદાર સરોવર પ્રોજેક્ટ હેઠળ વડોદરાના વણછરા ગામના 47 ખેડૂતોને નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે પ્રેરણા પ્રવાસે લઈ જવામાં આવ્યા હતા. આ પ્રથમ પ્રવાસમાં ખેડૂતોએ જળ-જમીન વ્યવસ્થાપન, પ્રાકૃતિક કૃષિ ફાર્મ અને સરદાર સ્મૃતિ કેન્દ્રની મુલાકાત લીધી હતી. ખેડૂતોએ બનાના સ્યુડોસ્ટેમ પ્રોસેસીંગ યુનિટ અને કેવીકે કેન્દ્રો પર જઈ ખેતીમાં નવીનતમ ટેકનોલોજી અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે પ્રત્યક્ષ માર્ગદર્શન મેળવ્યું હતું. આ પ્રવાસનો મુખ્ય હેતુ નર્મદા કમાન્ડ વિસ્તારના ખેડૂતો પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરે અને આધુનિક ખેતી પદ્ધતિઓ અપનાવી આર્થિક રીતે સદ્ધર બને તે માટે પ્રોત્સાહિત કરવાનો હતો.




### બાકરોલની સ્પેક-એમબીએ કોલેજની ઇન્ટરક્લાસ વોલીબોલ ટૂર્નામેન્ટમાં સેમેસ્ટર-2ની ટીમ વિજેતા

**આણંદ** | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસના MBA વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ અને ટીમસ્પિરિટ વધારવા વોલીબોલ ટૂર્નામેન્ટનું આયોજન કરાયું હતું. કોલેજના ડિરેક્ટર ડો. વિશાલ પાટીદાર અને પ્રો. નૈતિક રામીના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં કુલ 4 ટીમોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રસાકસીભરી સ્પર્ધામાં MBA સેમેસ્ટર-2 (TATA) ની ટીમે વિજેતા બની પ્રથમ સ્થાન મેળવ્યું હતું, જ્યારે MBA સેમેસ્ટર-4 ની ટીમ રનર્સ-અપ રહી હતી. આ સફળતા બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને સમગ્ર મેનેજમેન્ટ દ્વારા વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



### બાલાસિનોરમાં અંગ્રેજી વિષયના મૂલ્યાંકન કેન્દ્રમાં સેવા આપનાર નિવૃત્ત શિક્ષકોનો સન્માન સમારોહ યોજાયો

**બાલાસિનોર** | બાલાસિનોર મોડેલ સ્કૂલ ખાતે અંગ્રેજી વિષયના એસ.એસ.સી. મૂલ્યાંકન કાર્યમાં વર્ષોથી સેવા આપનાર ચાર સારસ્વત મિત્રોના યોગદાનને બિરદાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે નિવૃત્ત શિક્ષકો ભુલાભાઈ પટેલ, શંકરલાલ પ્રજાપતિ, રમેશભાઈ પટેલ અને બાબુભાઈ પટેલનું પુષ્પગુચ્છ, શ્રીફળ અને શાલ ઓઢાડી સન્માન કરાયું હતું. આચાર્ય ગીતાબા સોલંકીના હસ્તે 30 વર્ષથી વધુ સમયની નિષ્ઠાપૂર્વકની સેવાઓ માટે સન્માન વિધિ સંપન્ન કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નિવૃત્ત શિક્ષકોએ ભાવુક બની પોતાના અનુભવો રજૂ કર્યા હતા અને ઉપસ્થિત સૌએ તેમના પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો.




### બાકરોલની એસપીસીએમ કોલેજમાં 'પેરેન્ટ્સ-ટીચર મીટિંગ'નું સફળ આયોજન

**આણંદ** | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક) અંતર્ગત બાકરોલની SPCAM કોલેજમાં વાલી-શિક્ષક મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ, આંતરિક પરીક્ષાના ગુણ અને તેમના વર્તન વિશે વાલીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી પ્રતિસાદ મેળવવાનો હતો. આચાર્ય ડો. સુયોગ ઉપાસની અને વિવિધ વિભાગીય વડાઓના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ મિટિંગમાં વાલીઓ તરફથી ઘણો સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ અને ટ્રસ્ટી મંડળ દ્વારા સમગ્ર ટીમને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



### આણંદ BAPS મંદિરે સ્વામિનારાયણ ભગવાનના જન્મોત્સવની ઉજવણી કરાઇ



**આણંદ** | આણંદ અક્ષર ફાર્મ ખાતે શ્રીહરિ પર્વ અંતર્ગત સ્વામિનારાયણ જયંતિ અને રામ નવમીના શુભ દિને વિવિધ ભક્તિમય કાર્યક્રમો સંપન્ન થયા હતાં. સવારે ગુરુ પૂજન અને દિવસભર સત્સંગ દીક્ષા મહાયાગ તેમજ અખંડ ધૂનમાં મોટી સંખ્યામાં હરિભક્તોએ વિશેષ ભક્તિ અદા કરી હતી. રાત્રે જન્મોત્સવની મહાઆરતીમાં ધારાસભ્ય યોગેશ પટેલ અને ઉદ્યોગપતિ પ્રયાશ્ચિનભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે મંદિરના સંતો અને ભક્તોએ ભગવાનને પારણે ઝુલાવી કીર્તનોની રમઝટ સાથે 245મો પ્રગટ્યોત્સવ અત્યંત ઉત્સાહભેર ઉજવ્યો હતો.

### મહિસાગરના મોટા ખાનપુરના રામજી મંદિરે રામનવમીની ભવ્ય ઉજવણી કરાઇ



**ખાનપુર** | મોટા ખાનપુરમાં રામનવમી નિમિત્તે રામજી મંદિર ખાતે વિશેષ પૂજા, અભિષેક અને હવનના પવિત્ર આયોજન સાથે પ્રભુના જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ભગવાનની સુંદર ઝાંખીના દર્શન કરવા અને મહાપ્રસાદ ગ્રહણ કરવા માટે ગામના શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. સાંજે આયોજિત ભજન-કીર્તન અને આરતીના કાર્યક્રમોમાં ભક્તો લીન થયા હતા, જેનાથી સમગ્ર ગામનું વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ગામના આગેવાનો અને યુવક મંડળના સભ્યોના સહયોગથી આ સમગ્ર મહોત્સવ શાંતિ અને સૌહાર્દપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.

### સીવીએમ યુનિવર્સિટીના વિદ્યાર્થી શ્રેય પટેલે GATE 2026માં ઓલ ઈન્ડિયામાં 8મો રેન્ક મેળવ્યો

**આણંદ** | ન્યૂ વલ્લભ વિદ્યાનગર સ્થિત MBIT કોલેજના કમ્પ્યુટર એન્જિનિયરિંગના વિદ્યાર્થી શ્રેયરાજેશ પટેલે GATE 2026 (CS) માં સમગ્ર ભારતમાં 8મો ક્રમ પ્રાપ્ત કરી સંસ્થાનું નામ રોશન કર્યું છે. યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ભીખુભાઈ પટેલ અને અન્ય મહાનુભાવોએ આ ગૌરવશાળી સિદ્ધિ બદલ શ્રેયને હાર્દિક અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્યની શુભેચ્છા આપી છે. પ્રોવોસ્ટ ડો. ઇન્દ્રજીત પટેલે આ સફળતાને વિદ્યાર્થીની મહેનત અને સંસ્થાની શૈક્ષણિક ગુણવત્તાનું પ્રતિબિંબ ગણાવતા તેને અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ ગણાવી હતી. આ સિદ્ધિ દ્વારા વિદ્યાર્થીએ સરદાર પટેલના વિઝનને સાર્થક કરી યુનિવર્સિટીનું ગૌરવ વધાર્યું છે.



### ઇંધણની કટોકટીનો સામનો કરવા દેશભરમાં ઇલેક્ટ્રિક મોબિલિટી પ્રોત્સાહન આપવા માટે કેમ્પેઇનની જાહેરાત

**વડોદરા** | ઓલા ઇલેક્ટ્રિકે દેશમાં ઇલેક્ટ્રિક મોબિલિટીને પ્રોત્સાહન આપવા માટે #EndICEAge કેમ્પેઇન લોન્ચ કર્યું છે. આ અભિયાન હેઠળ કંપનીએ તેના Gen-3 S1 X અને રોડસ્ટર X મોડલ્સ માત્ર રૂ.49,999ની પ્રારંભિક કિંમતે રજૂ કર્યા છે. ગ્રાહકો 31 માર્ચ 2026 સુધી સમગ્ર પોર્ટફોલિયો પર રૂ.50,000 સુધીના ખાસ લાભ મેળવી શકશે. કંપનીના સીએમડી ભાવીશ અગરવાલે જણાવ્યું હતું કે વધતા ઈંધણના ભાવ વચ્ચે એનર્જી ઇન્ડિપેન્ડન્સ તરફ આગળ વધવું અનિવાર્ય છે. ઓલાના વાહનો 320 કિમીથી 500 કિમી સુધીની રેન્જ અને આધુનિક MoveOS 5 ટેક્નોલોજીથી સજ્જ છે. આ ઉપરાંત, ગ્રાહકોને 8 વર્ષની એક્સ્ટેન્ડેડ વોરંટી, 60% બાયબેક ગેરંટી અને સર્વિસમાં વિલંબ થાય તો મફત ઓલા કેબ વાઉચર જેવી સુવિધાઓ પણ આપવામાં આવશે.